પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૫૫, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૬-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 255 PRICE :-RS. 1.50 DATE : 22-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઉ.ગુજરાતમાં જળબંબાકાર, બનાસકાંઠા-પાટણમાં મેઘરાજાની વિસ્ફોટક બેટિંગ

પાટણ,

ગુજરાતમાં મેઘરાજા હવે મન મૂકીને વરસી રહ્યા છે. રાજ્યના અનેક વિસ્તારો મેઘરાજા જળબંબાકાર કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના પાલનપુરમાં ધોધમાર વરસાદ વરસ્યો હોવાની માહિતી મળી રહી છે. પાલનપુરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા ચારેબાજુ નદીઓ વહેતી થઈ ગઈ છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ભારે વરસાદ પડતા વેડંચા પાસે લડબી નદીમાં નવા નીર આવ્યા છે. આ સિવાય હરિપુરા, બ્રાહ્મણવાસ, મફતપુરામાં પણ પાણી ભરાયા છે. અનેક ઘરોમાં પાણી ઘૂસતા લોકોને



ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

બીજી બાજુ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં ભારે વરસાદ ખાબકી રહ્યો છે. ગઈકાલે (રવિવાર) જિલ્લામાં ગત મોડી રાતથી ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે વરસાદને પગલે મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાયાં છે. અનેક સોસાયટીઓમાં કેડસમા પાણી છે અને લોકોનાં ઘરોમાં પાણી ઘૂસ્યાં છે. પાટણમાં જાણે આભ ફાટ્યું હોય એવી સ્થિતિ ઉભી થઈ છે. ભારે વરસાદ અને ઘરોમાં પાણી ભરાવાથી લોકોને પાણી વચ્ચે રાત વિતાવી પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.

પાટણ જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી હળવાથી ભારે વરસાદ પડી રહ્યો છે. જિલ્લાના સિદ્ધપુરમાં ગત મોડી રાતથી ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે વરસાદના પગલે શહેરના મોટભાગના વિસ્તારોમાં પાણી ભરાયા છે. અનેક સોસાયટીઓમાં કેડસમા પણી છે અને લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા છે. મોડી રાત્રે મેહુલિયાએ તોફાની બેટિંગ કરી હોય તેમ રસ્તાઓ અને સોસાયટીમાં પૂર જેવો માહોલ જોવા મળ્યો છે અને શહેરમાં જાણે કે આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ છે. ભારે વરસાદ અને ઘરોમાં પાણી ભરાવાથી લોકોએ પાણી વચ્ચે રાત વિતાવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સિદ્ધપુર શહેરમાં મોડીરાત્રે ૨.૪૫ વાગ્યાથી વરસાદ પડવાની શરૂઆત થઇ હતી. જોતજોતામાં શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના પગલે સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સોસાયટીઓમાં કેડસમા પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણી સોસાયટીઓમાં લોકોના ઘરમાં ઘૂસી ગયા હતા, જેના પગલે રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરના ઋષિ તળાવ, ઉમાપાર્ક, પેપલ્લા સહિતના વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ઘુસ્યા છે.

ભારે વરસાદના પગલે સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. એક તબક્કે જાણે કે શહેરમાં પૂર આવ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. કેટલાક ઘરો તો એવા છે કે જ્યાં ઘરનો અડધાથી ઉપરનો ભાગ પાણીમાં ગરકાવ થયો છે. જેના પગલે રહીશો પરેશાન થયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં રહીશોએ એક તરફ ધોધમાર વરસાદ અને બીજી તરફ ઘરમાં પાણી ભરાતા ભયાવહ સ્થિતિમાંપાણીની વચ્ચે જ રાત વિતાવી પડી હતી.

પાટણ જિલ્લામાં ગઈકાલ સાંજે ૬ વાગ્યા સુધીના વરસાદી આંકડાઓ પર નજર ફેરવીએ તો પાટણમાં ૨૨ મિ.મિ, સરસ્વતીમાં ૨૭ મિ.મિ, શંખેશ્વરમાં ૨ મિ.મિ વરસાદ નોંધાયો હતો. જોકે રાત પડતાં જ સિદ્ધપુર સહિત જિલ્લાના અનેક તાલુકાઓમાં ધોધમાર વરસાદ પડ્યો છે.

ડીસા પાલનપુર ધાનેરા વડગામ અને દાંતા પંથકમાં એકથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે પાલનપુર અને ડીસામાં નીચાણવાળા વિસ્તારો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા.

પાલનપુરમાં બ્રિજેશ્વર કોલોની અને હરીપુરા અને બેચરપુરા વિસ્તારમાં કેટલાય ઘરોમાં ત્રણથી ચાર ફૂટ જેટલું પાણી ભરાતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘરોમાં પાણી ભરાતા લોકો ખુરશીઓ પર બેસેલા નજરે પડી રહ્યા છે.

ઘરમાં પાણી તૂટવાના કારણે લોકોને જાનમાલને પણ ભારે નુકસાન થયું છે. ડીસામાં પણ મુખ્ય માર્ગો પર તેમજ મારુતિ પાર્ક અને રીઝમેટ વિસ્તારમાં આવેલ કેટલાક નીચાણવાળા ઘરોમાં પાણી ભરાઈ ગયું હતું.

## શાળા-કોલેજ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ જુલાઈથી શરૂ કરવા વિચારણા

ગાંધીનગર,

કોરોના વાઈરસની બીજી લહેર શાંત પડી રહી છે ત્યારે અનેક રાજ્યોમાં પ્રતિબંધાત્મક આદેશો માં રાહતો આપવામાં આવી રહી છે અને અનેક રાયોમાં રેસ્ટોરન્ટ પાર્ક ખુલી ગયા છે દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ જુલાઈ માસથી ખોલવા અંગે કેન્દ્ર સરકાર દ્વારા વિચારણા શરૂ કરવામાં આવી છે.

સરકારના અંતરગં વર્તુળોએ એવી માહિતી આપી છે કે અલગ–અલગ રાજ્યોમાં બધું જ ખુલી રહ્યું છે પરંતુ સ્કુલ કોલેજો સહિત તમામ શૈક્ષણિક સંસ્થાઓ હજુ પણ બધં છે અને તેને હવે જલ્દી થી ખોલવા ની જરૂરિયાત છે તેમ સરકાર માને છે.

જુલાઈ માસમાં કોરોનાવાયરસ ની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ ખોલી નાખવા અંગે ચર્ચા મંત્રના શરૂ થઈ છે અને કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. જો પરિસ્થિતિ અનુકુળ હશે તો જુલાઈ માસમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો કેન્દ્ર સરકારનો ઈરાદો છે.

આ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓના રસીકરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે તમામ વિધાર્થીઓને આ સંબંધમાં જરૂરી અગ્રતાક્મ આપવાની સુચના આપી દેવાઈ છે.

સરકારના સૂત્રોએ તેવી માહિતી પણ આપી છે કે જુલાઈ થી દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા નો અર્થ સરકાર એવો કરવા માગે છે કે શરૂઆતમાં તમામ વિધાર્થીઓ ને બોલાવવામાં આવશે નહીં પરંતુ તેમના એડમિશનની પ્રક્રિયા અને પરીક્ષા અંગે ના કાર્યક્રમ ને તૈયાર કરવા આવશે.

જુલાઈ મહિનામાં જ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ના પરિણામ પણ આવી જવાના છે અને બીજી બાજુ કોરોના વાયરસ મહામારીની ત્રીજી લહેરની આશંકા પણ વ્યકત કરવામાં આવી રહી છે ત્યારે આ પરિસ્થિતિ સ્પષ્ટ્ર થઈ જાય ત્યાં સુધી વિધાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓમાં બોલાવવામાં નહીં આવે તેવો કેન્દ્ર સરકાર નો વિચાર છે અને આ બારામાં ચકમક પણ ચાલી રહી છે અને એક પછી એક તમામ રાજ્ય સરકારો સાથે સલાહ મંત્રણા થઈ રહી છે.

## મોડી રાત્રે કચ્છની ધરા ધ્રૂજી, ભૂકંપની તિવ્રતા ૨.૯, કેન્દ્રબિંદુ ભુજથી ૨૨ કિમી દૂર

ભૂજ,

ભૂકંપ ઝોન ૫માં આવતો કચ્છ વિસ્તાર ધરતીકંપના અનેક નાના મોટા આંચકાઓથી સમયાંતરે કંપી રહ્યો છે. જેમાં ૨૦૦૧ના મહા ભૂકંપ બાદ શરૂ થયેલા આફ્ટરશોકનો આંકડો હજારોની સંખ્યાને પાર પહોંચી જવા પામ્યો છે. ત્યારે આજે વધુ એક ધરતીકંપના આંચકાથી કચ્છની ધરા ધ્રૂજી ઉઠી હતી.

ગુજરાતના કચ્છ વિસ્તારમાં અવાર નવાર ભૂકંપના નાના મોટા આંચકા અનુભવાતા હોય છે. ત્યારે શનિવારે મધરાત્રે ૧ વાગ્યાને ૪૨ મિનિટે કચ્છની ધરા ધ્રૂજતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપની તિવ્રતા ૨.૯ નોંધાવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભુજથી ૨૨ કિમી દૂર કેરા-બળદિયા પાસે નોંધાયું હતું. એક તરફ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી આગાહી વચ્ચે વરસાદ પડી રહ્યો છે. ત્યારે વરસાદી માહોલમાં ભૂકંપમાં ધરા ધ્રૂજી રહી છે.

## મેડિકલ સાયન્સે પણ અપનાવ્યો યોગ, ડૉક્ટર્સે પોતાનું સુરક્ષા કવચ બનાવ્યું: મોદી

ન્યુ દિલ્હી,

દેશને સંબોધિત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દુનિયાના મોટાભાગના દેશો માટે યોગ દિવસ કોઇ તેમનો સદીઓ જૂનો સાંસ્કૃતિક પર્વ નથી. આ મુશ્કેલ સમયમાં આટલી મોટી પરેશાનીમાં લોકો તેને ભૂલી શકતા હતા, તેની ઉપેક્ષ કરી શકતા હતા, પરંતુ તેનાથી વિપરિત લોકોમાં યોગનો ઉત્સાહ વધ્યો છે, યોગથી પ્રેમ વધ્યો છે.

૨૧ જૂન, ૨૦૨૧ના રોજ સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. કોરોના મહામારીના કારણે આ વખતે કોઈ વિશાળ કાર્યક્રમનું આયોજન નથી કરવામાં આવ્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ નિમિત્તે વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, 'આજે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે યોગ આશાનું કિરણ બન્યું છે. ૨ વર્ષથી સમગ્ર વિશ્વના દેશોમાં અને ભારતમાં ભલે મોટા સાર્વજનિક કાર્યક્રમનું આયોજન ન થયું હોય પરંતુ યોગ દિવસ પ્રત્યેના ઉત્સાહમાં કોઈ જ ઘટાડો નથી થયો.' વડાપ્રધાને આશરે ૧૬ મિનિટના ભાષણમાં વિવિધ મુદ્દાઓને આવરી



લીધા હતા.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, 'આજે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે યોગ આશાનું કિરણ બન્યું છે. ૨ વર્ષથી સમગ્ર વિશ્વના દેશોમાં અને ભારતમાં ભલે મોટા સાર્વજનિક કાર્યક્રમનું આયોજન ન થયું હોય પરંતુ યોગ દિવસ પ્રત્યેના ઉત્સાહમાં કોઈ જ ઘટાડો નથી થયો. કોરોના કાળમાં આ વખતની યોગ દિવસની થીમ યોગા અને વેલનેસ દ્વારા કરોડો લોકોમાં યોગ પ્રત્યેનો ઉત્સાહ વધ્યો છે. આજના યોગ દિવસે હું દરેક દેશ, દરેક સમાજ અને દરેક વ્યક્તિ સ્વસ્થ બને તેવી કામના કરૂ છું. બધા એક સાથે મળીને એકબીજાની તાકાત બને.'

આપણા ઋષિમુનિઓએ યોગ માટે 'સમત્વમ યોગ ઉચ્યતે' એવી પરિભાષા આપી છે. તેમણે સુખ-દુખમાં સમાન રહેવા, સંયમને એક રીતે યોગનું પેરામીટર બનાવ્યો હતો. આજે આ વૈશ્વિક ત્રાસદી દરમિયાન યોગે તે સાબિત કરી આપ્યું છે. કોરોનાના ૧.૫ વર્ષ દરમિયાન ભારત સહિત અનેક દેશોએ મોટા સંકટનો સામનો કર્યો છે. વિશ્વના મોટા ભાગના દેશો માટે યોગ તેમનો સદીઓ જૂનો પર્વ નથી. આ મુશ્કેલ સમય દરમિયાન, આટલી પરેશાની વચ્ચે લોકો યોગને સરળતાથી ભૂલી શકેત અને તેની ઉપેક્ષા કરી શકેત પરંતુ તેનાથી વિપરિત લોકોમાં યોગ પ્રત્યેનો ઉત્સાહ વધ્યો છે અને યોગ માટેનો પ્રેમ વધ્યો છે. છેલ્લા ૧.૫ વર્ષમાં વિશ્વના ખૂણેખૂણામાં લાખો નવા યોગ સાધકો બન્યા છે. યોગનો જે પહેલો પર્યાય સંયમ અને અનુશાસનનો છે તેને સૌ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પણ કરી રહ્યા છે. જ્યારે કોરોનાના અદૃશ્ય વાયરસે વિશ્વમાં દેખા દીધી ત્યારે કોઈ પણ દેશ સાધનો, સામર્થ્ય અને માનસિક રીતે તેના માટે તૈયાર નહોતો. આપણે બધાએ જોયું કે, આવા આકરા સમયમાં યોગ આત્મબળનું એક મોટું માધ્યમ બન્યું. યોગના કારણે લોકોને વિશ્વાસ બેઠો કે આપણે આ બીમારી સામે લડી શકીશું.

જ્યારે ફ્રન્ટલાઈન વોરિયર્સ, ડૉક્ટર્સ સાથે વાત કરૂ છું ત્યારે તેઓ જણાવે છે કે, કોરોના સામેની લડાઈમાં તેમણે યોગને જ પોતાનું સુરક્ષા કવચ બનાવેલું. ડૉક્ટર્સે યોગ વડે પોતાની જાતને પણ મજબૂત બનાવી અને પોતાના દર્દીઓને જલ્દી સ્વસ્થ કરવા માટે પણ તેનો ઉપયોગ કર્યો. આજે હોસ્પિટલ્સની અનેક એવી તસવીરો સામે આવે છે જેમાં ડૉક્ટર્સ, નર્સ વગેરે દર્દીઓને યોગ શીખવતા દેખાય છે. પ્રાણાયામ, અનુલોમ-વિલોમ જેવી બ્રીથિંગ એક્સરસાઈઝથી આપણી રેસ્પિરેટરી સિસ્ટમને કેટલી શક્તિ મળી છે તે પણ વિશ્વના નિષ્ણાતો પોતે જણાવી રહ્યા છે.

સમગ્ર વિશ્વના નિષ્ણાતો યોગ પર અનેક પ્રકારના રિસર્ચ કરી રહ્યા છે અને યોગમાં ફિઝિકલ હેલ્થ ઉપરાંત મેન્ટલ હેલ્થ પર પણ જોર આપવામાં આવે છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ એમ-યોગ એપ્લિકેશન લોન્ચ કરી હતી. યુએન અને ડબલ્યુએચઓ સાથે મળીને તૈયાર કરવામાં આવેલી આ એપ્લિકેશનમાં કોમન યોગ પ્રોટોકોલના આધાર પર યોગ પ્રશિક્ષણના અનેક વીડિયોઝ વિશ્વની અલગ-અલગ ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

## કોરોનાની બીજી લહેરના પાંચ મહિનામાં ૩.૬૮ કરોડ લોકોએ નોકરી ગુમાવી

ન્યુ દિલ્હી,

કોરોના મહામારીની બીજી લહેરના પરિણામે ભારતમાં રોજગારીની સ્થિતિ અત્યંત દયનિય બની ગઈ છે એવું જણાવતા સેન્ટ્રર ફોર મોનેટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઈઆઇ) એ જણાવ્યુ કે, ભારતમાં લેબર માર્કેટની સ્થિતિ એપ્રિલ-મે દરમિયાન ગત વર્ષની તુલનાએ પણ અત્યંત ખરાબ છે જ્યારે પાછલા વર્ષે દેશભરમાં સંપૂર્ણ લોકડાઉન હતુ. સીએમઈઆઈ દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ દર્શાવે છે કે, દેશમાં મે ૨૦૨૧માં બેરોજગારીનો દર વધીને ૧૧.૯ ટકા થયો છે, જે જૂનમાં પણ વધી રહ્યો છે. ૬ જૂન, ૨૦૨૧ સુધીના ૩૦ દિવસનો સરેરાશ બેરોજગારીનો દર હાલ ૧૩ ટકાના સ્તરે પહોંચી ગયો છે. તો બીજી બાજુ શ્રમિકોની ભાગીદારી ૪૦ ટકાથી નીચે ઉતરી ગઈ અને તે હાલ ૩૯.૭ ટકા થઈ ગઈ છે. તો શ્રમ બજારના સૌથી મોટો માપદંડ ગણાતો રોજગારી દર મે મહિનામાં ઘટીને ૩૫.૩ ટકા અને ૬ જૂન, ૨૦૨૧ સુધીમાં વધુ ઘટીને ૩૪.૬ ટકા ટકા થયો છે. સીએમઈઆઇના સીઈઓ મહેશ વ્યાસે જણાવ્યુ હતુ કે, એપ્રિલ અને મે ૨૦૨૦ના દેશવ્યાપી લોકડાઉન બાદ જ ભારતના લેબર માર્કેટની સ્થિતિ દિવસેને દિવસે કથળી રહી છે. છેલ્લા ચાર સપ્તાહ દરમિયાન લેબર માર્કેટની સ્થિતિ ઝડપથી બગડી છે.

જો કે તેમણે જણાવ્યું કે, સ્થાનિક લોકડાઉનના કારણે અસંગઠિત ક્ષેત્રોમાં ગુમાવેલી અનૌપચારિક નોકરીઓમાં ઝડપી રિકવરીની અપેક્ષા છે, પરંતુ લોકડાઉનથી સ્વતંત્ર રોજગારમાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જાન્યુઆરી ૨૦૨૧ બાદથી કૃષિ સિવાયના ક્ષેત્રોમાં કુલ ૩.૬૮ કરોડ લોકોએ ગુમાવી છે. તેમાં દૈનિક વેતન મેળવતા મજૂરોની સંખ્યા ૨.૩૧ કરોડ છે. તો પગારદાર લોકોની સંખ્યા ૮૫ લાખ અને બાકીના સ્વરોજગાર મેળવનાર છે. રોજગારી મોરચે પરિસ્થિતિ સુધારવા કે વર્ષ ૨૦૧૯-૨૦ના સ્તરે પરત લઈ જવા માટે ભારતીય અર્થવ્યવસ્થામાં મક્કમ રિકવરીની આવશ્યકતા છે.

## 'સરકાર માનશે નહીં, ઈલાજ કરવો પડશે...', રાકેશ ટિકૈતે કેન્દ્રને આપી ધમકી

ન્યુ દિલ્હી,

કેન્દ્રના ૩ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે રવિવારે સરકારને ધમકી આપી હતી. ટિકૈતે કોઈ પણ જાતના ડર વગર ઈલાજ કરવો પડશે તે અર્થની ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૬ મહિના કરતા પણ વધારે સમયથી દિલ્હીની વિવિધ સરહદોએ મોટી સંખ્યામાં પંજાબ, હરિયાણા અને પશ્ચિમી યુપીના ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂતો ગત વર્ષે બનાવવામાં આવેલા કૃષિ કાયદા રદ કરવા અને એમએસપી પર કાયદો



બનાવવા માગણી કરી રહ્યા છે.

ખેડૂત નેતા અને ભારતીય ખેડૂત યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે ટ્વીટ કરીને આંદોલન વધુ ઉગ્ર કરવા માટે કહ્યું છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, 'સરકાર માનવાની નથી. ઈલાજ તો કરવો પડશે. ટ્રેક્ટરો સાથે પોતાની તૈયારી રાખો. જમીન બચાવવા માટે આંદોલન ઉગ્ર કરવું પડશે.' તેના એક દિવસ પહેલા પણ ટિકૈતે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ ગેરસમજ પોતાના મગજમાંથી કાઢી નાખે કે ખેડૂત પાછો જશે. ખેડૂતો માગ પૂરી થશે ત્યારે જ પાછા જશે. અમારી માગણી છે કે, ત્રણેય કાયદા રદ થાય અને એમએસપી પર કાયદો બને.

સરહદે બેઠેલા ખેડૂતો અને સરકાર વચ્ચે કોઈ ઉકેલ નીકળતો નથી જણાઈ રહ્યો. બંને વચ્ચે અનેક તબક્કે વાતચીત થઈ છે પરંતુ કોઈ જ પરિણામ નથી આવ્યું. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે તે કાયદો રદ નહીં કરે. જો કોઈ ખેડૂત સંશોધન કરાવવા ઈચ્છે છે તો તેઓ એ માટે તૈયાર છે. સાથે જ સરકારે ખેડૂતોને કાયદો ૧.૫ વર્ષ પેન્ડિંગ રાખવા પ્રસ્તાવ મુક્યો છે પરંતુ ખેડૂતો શરૂઆતથી જ આ કાયદો રદ કરવા અને એમએસપી પર કાયદો બનાવવા માગ કરી રહ્યા છે.

થોડા દિવસ પહેલા કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે ફરી કહ્યું હતું કે સરકાર ખેડૂતો સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. જોકે કાયદાઓને રદ નહીં કરવામાં આવે.

મહત્વનું છે કે, ૨૬ નવેમ્બરથી ખેડૂત સંગઠનો દિલ્હીની સરહદો પર વિરોધ કરી રહ્યા છે અને નવા કૃષિ કાયદાને રદ કરવાની માંગ કરી રહ્યા છે. વિરોધને સમાપ્ત કરવા અને કાયદામાં પરિવર્તન લાવવા સરકાર અને ખેડૂતો વચ્ચેની તમામ વાતો નિષ્ફળ રહી હતી. આપને જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક મહિનાઓથી સરકાર અને ખેડૂત વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે ૨૨ જાન્યુઆરીએ વાતચીતનો છેલ્લો રાઉન્ડ યોજાયો હતો અને ત્યારથી વાટાઘાટોનો માર્ગ બંધ રહ્યો છે. હવે જોવાનુ રહશે કે આ આંદોલનનું આગળ શું થાય છે.

## ભારતના GDPમાં મહારાષ્ટ્રનો હિસ્સો પ્રથમક્રમે, ગુજરાત પાંચમાક્રમે છે

ન્યુ દિલ્હી,

ભારત સરકારની એક ઈકોનોમિક સંસ્થાના અહેવાલ પ્રમાણે ભારતના જીડીપીમાં મહારાષ્ટ્રનું યોગદાન ટોચક્રમે છે. આ રાજ્યએ વર્ષોથી તેનું સ્થાન જાળવી રાખ્યું છે. મહારાષ્ટ્રનો જીડીપી હિસ્સો ૧૪ ટકા જેટલો જોવા મળે છે. એટલે કે રાજ્યનો સૌથી વધુ જીડીપી ૨૯.૦૮ લાખ કરોડ છે. બીજાક્રમે ૨૦.૫૪ લાખ સાથે તામિલનાડુ, ત્રીજાક્રમે ૧૭.૦૫ લાખ કરોડ સાથે ઉત્તરપ્રદેશ, ચોથાક્રમે ૧૬.૬૫ લાખ કરોડ સાથે કર્ણાટક અને પાંચમાક્રમે ૧૯.૪૯ લાખ કરોડ સાથે ગુજરાત આવે છે. ભારતના ટોચના પાંચ રાજ્યોનો જીડીપી હિસ્સો ૪૬.૬ ટકા જેટલો વિક્રમી છે, જ્યારે દક્ષિણ ભારતના પાંચ રાજ્યોનો હિસ્સો ૩૦ ટકા થવા જાય છે. દેશમાં ૩૩મા ક્રમે આંદામાન નિકોબાર આવે છે કે જ્યાં જીડીપી ૦.૦૮૮ લાખ કરોડ છે. ગુજરાત સરકારે તેના બજેટ દસ્તાવેજમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યનો જીએસડીપી ૧૮.૮૪ લાખ કરોડ રહેશે પરંતુ આ ટારગેટ કોરોના સંક્રમણે તોડી નાંખ્યા છે અને તે ૧૫ લાખ કરોડ જેટલો થયો હોવાનું અનુમાન છે. ભારતના ૩૩ રાજ્યોનો કુલ જીડીપી હિસ્સો ૨૦૩.૮૫ લાખ કરોડ જેટલો થવા જાય છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાની છે. યુએસનો કુલ જીડીપી ૨૧.૪૪ લાખ કરોડ ડોલર છે જે ચીનની સરખામણીએ બે ગણી છે. જ્યારે ચીનનો જીડીપી ૧૪.૧૪ લાખ કરોડ ડોલર, જાપાનનો ૫.૧૫ લાખ કરોડ ડોલર, જર્મનીનો ૩.૮૬ લાખ કરોડ ડોલર અને ભારતનો ૨.૯૭ લાખ કરોડ ડોલર છે. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના ૨૦૨૦ના રિપોર્ટ પ્રમાણે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. એ. સોલંકી

મુ. પીંગળી, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. વી. પરમાર

મુ. ઘમસરની, તા. હાલોલ

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### મહીસાગર જિલ્લામાં કોવિડ વેક્સિનેશન મહાઅભિયાનનો આરંભ

# લુણાવાડા પોલન સ્કુલ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમ સહિત જિલ્લામાં ૨૫ સ્થળોએ ૬૦ વેક્સિનેશન


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજ્યવ્યાપી શરૂ થયેલ કોરોના રસીકરણ મહા અભિયાનના ભાગરૂપે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી,જિલ્લા આરોગ્ય અધિકારી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડૉ.પોલન સ્કુલમાં દિપ પ્રાગટ્ય કરી મહાઅભિયાનને ખુલ્લું મુકી કોરોના રસીકરણ મહા અભિયાનની શરૂઆત કરાવી હતી. આ સાથે ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા મતી લીલાબેન અંકોલિયાએ વિરપુર ખાતેથી જયારે પૂર્વ નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઇ પાઠકે બાલાસિનોર ખાતેથી મહીસાગર જિલ્લામાં રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે રસીકરણની કામગીરી પ્રત્યક્ષ નિહાળી લુણાવાડા ખાતેના કેમ્પમાં ૧૮ થી ૪૪ વર્ષથી વયજૂથની તમામ વ્યકિતઓને રસીકરણ થઇ જાય તે માટે સંવેદનશીલતાથી કાર્ય કરવાં ઉપસ્થિત આરોગ્ય વિભાગના કર્મચારીઓને અનુરોધ કર્યો હતો. વધુમાં જણાવ્યું કે, જિલ્લામાં ૨૫ સ્થળોએ ૬૦ વેક્સિનેશન બુથ પર રસીકરણ ની વ્યવસ્થા કરવામાં આવી છે સાથે તેમણે મહીસાગર જિલ્લામાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ ૨૮૫૭૯૬, બીજો ડોઝ ૯૮૨૩૯, ૧૮ થી ૪૪ વર્ષના વય જુથમાં ૪૮૮૯૩ મળી કુલ ૩૮૪૦૩૪ વ્યક્તિઓએ અત્યાર સુધીમાં વેક્સિનેશનનો લાભ લીધો છે. જિલ્લા માં યુવા વર્ગનું સો ટકા રસીકરણ થાય તે માટે ગામે ગામ સરપંચ, સદસ્ય, તાલુકા જિલ્લા પંચાયતના સદસ્ય અને તમામ રાજકીય પક્ષના આગેવાનો ગામે ગામ જાગૃતિ લાવવા માટે યુવાનોને રસીકરણ માટે પ્રેરણા આપી સહયોગ કરે તેવી ભાવના પણ વ્યક્ત કરી હતી.

સાથે સાથે વેકિસનેશન લોકજાગૃતિ ફિલ્મોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેને મહાનુભાવો સહિત સૌએ નિહાળી હતી અને જિલ્લાની દરેક વ્યકિત કોરોના પ્રતિરોધક રસી મૂકાવે તેવો સંકલ્પ લેવામાં આવ્યો હતો. વિરપુર ખાતેથી ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલિયાએ જયારે બાલાસિનોર ખાતે નાગરિક પુરવઠા નિગમના પૂર્વ ચેરમેન રાજેશભાઇ પાઠકે પણ રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવીને રસીકરણની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી રસી મૂકાવી રહેલ યુવક-યુવતીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જયારે રસી મૂકાવ્યા બાદ યુવક-યુવતીઓ સેલ્ફી પોઇન્ટ પર પોતાની સેલ્ફી લઇ રહ્યા હતા. અને રાજય સરકાર દ્વારા મફત વેકિસનેશનની આયોજનની પ્રશંસા કરી મોદી અને રૂપાણી સરકાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

જયારે મહાનુભાવોએ જિલ્લાના નાગરિકો માટેના રસીકરણ મહાઅભિયાનને વેગવાન બનાવ્યું હતું. મહીસાગર જિલ્લો કોરોના મુકત વેકિસનેશન યુકત જિલ્લોય બનાવવા અપીલ કરી હતી. ત્યારે વેકિસન લેનાર લાભાર્થીઓએ બધાને વેકિસન વિના મુલ્યે વેકિસનના આયોજનની પ્રસંશા કરી મોદી સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

# મહીસાગર જિલ્લા માટે આજે રાહતના સમાચાર : આજે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લા માટે આજે રાહતના સમાચાર આવ્યા છે. આજે જિલ્લા્માં નવો કોરોનાનો એક પણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાલમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાયત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વએસ્થર થઇને સ્વ ગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૦૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૭૭૮૮૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૯ દર્દી હોમ આઇસોલેશનમાં, ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૨ દર્દી પ્રાઇવેટ હોસ્પિોટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીખલેટર પર છે.

# રાજ્યના ૩૨ તાલુકામાં વરસાદ, લુણાવાડામાં સૌથી વધુ ૧.૫ ઈંચ

ગાંધીનગર, ગુજરાતમાં આખરે ચોમાસાની શરૂઆત થઇ ગઇ છે. ત્યારે રાજયનાં ૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ લુણાવાડા અને વિરપુર તાલુકામાં ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. અન્ય ૩૯ તાલુકામાં ૧ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે.

વળી જો ચોટીલાની વાત કરીએ તો, હવામાન વિભાગની આગાહી અનુસાર ચોટીલા શહેર સહિત અને ગ્રામ્યવિસ્તારોમાં ગઈકાલ સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે ત્યારે અમુક ગામડાઓ હજુ વિકાસ ન થયો હોય તેમ ગામડાઓની બજારોમાં કાદવ કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ચોટીલા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં બે દિવસથી સતત વરસાદી માહોલ જામ્યો છે ત્યારે આ ચોટીલાની પાંચાળ તરીકે ઓળખવામાં આવ્યું છે ત્યારે પાંચાળ પંથકમાં માંડવ જગલ તરીકે ઓળખાતા વિસ્તારમાં ઝરીયા મહાદેવના મંદિરે તેમજ નાવા,પાંજવાડી રૂપાવટી જેવા અનેક ગ્રામ્યવિસ્તારો વરસાદ વાવણી લાયક પડી જતા ખેડૂતોમાં આનંદની લાગણીઓ જોવા મળી છે અને આ વરસાદી માહોલમાં ઝરીયા મહાદેવના મંદિરે પડેલા વરસાદથી નયનમય દ્રશ્યો નિહાળવા જેવા બની ગયા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'દક્ષિણ ગુજરાત અને તેની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, પંચમહાલ, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, મોરબી, કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે.'

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લા ઘણા દિવસોથી ભારે ઉકળાટથી કંટાળી ગયેલા લોકો માટે વરસાદી સીઝન શરૂ થતા ખુશી જોવા મળી છે.

# સંતરામપુર નગરન સ્ટે હોસ્પિટલની પાસે ગંદા પાણી ઉભરાતી ગટરો

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા ગંદા પાણીનો નિકાલ કરવા માટે નિષ્ફળ સંતરામપુર નગરના લુણાવાડા રોડ પર આવેલી સ્ટેટ હોસ્પિટલની બાજુમાં ગંદા પાણીનો નિકાલ અને વરસાદી પાણીનો નિકાલ કરવા માટે નગરપાલિકા દ્વારા માતબર ખર્ચ કરીને આ ગટર બનાવવામાં આવેલી હતી, પરંતુ છેલ્લા ઘણા સમયથી હોસ્પિટલની બાજુમાં ગંદુ પાણી ઊભરાતું રોડ ઉપર ફરી વળતા અને દુર્ગંધ ફેલાઈ રહ્યું છે. આના કારણે સ્ટેટ હોસ્પિટલના દાખલ થયેલા દર્દીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. આ જગ્યાએ સ્ટેટ હોસ્પિટલ કોવિડ સેન્ટર ગાયત્રી મંદિર અન્ય ધાર્મિક સ્થળો પણ આવેલા છે. સ્વચ્છ ભારતના સરકારના સૂત્રને ધજાગરા ઉડાવતી સંતરામપુર નગરપાલિકા સંતરામપુર નગરપાલિકા સામાન્ય કામગીરી કરવામાં પણ નિષ્ફળ રહી છે અનેકવાર અલગ અલગ વિસ્તારોમાં ઉભરાતી ગટરો અને સફાઈનો અભાવ પણ રહેતો હોય છે. સ્થાનિક રહીશો રજૂઆત કરવા છતાંય કામગીરી થતી નથી. સરકાર દ્વારા સ્વચ્છતા માટે અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાંય સંતરામપુર નગરમાં સફાઈનો અભાવ જોવાઈ રહ્યું છે. આ સ્ટેટ હોસ્પિટલની બાજુમાં ઘણા સમયથી ઉભરાતી ગટરોના કારણે રાહદારીઓ અને હોસ્પિટલના દર્દીઓ હાલાકી ભોગવી રહેલા છે. શું નગરપાલિકા તંત્ર પોતાની જવાબદારી સંભાળી ને આવા ગંદા પાણીના ગટરની નિકાલ કરશ ખરી સંતરામપુર નગરના રહીશોમાં અનેક પ્રશ્નો ઊભા થયેલા છે.


તસ્વીર : નુર બાલા, વેજલપુર

**કાલોલ તાલુકાના વેજલપુર ગામે કન્યા શાળાના પ્રાગણ માં આંતરરાષ્ટ્રીય યોગ શિબિર નુઆયોજનકરાયુહતુઆ યોગ શિબિરનું આયોજન વેજલપુરના યોગ કોચ એવા સોનલબેન પરીખ અને સોનલબેન દરજી દ્વારા કરવામાં આવ્યું હતું આ શિબિરમાં આજુબાજુના ગામોના યુવાનોએ પણ ભાગ લઈ યોગ અંગે નેતૃત્વ બતાવ્યું હતું આશિબિરમાં વિવિધ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહયાહતા અને યોગ અંગે ની સુંદર માહિતી આપી હતી આ શિબિરમાં ઉપસ્થિત સર્વ મહાનુભાવો તથા યોગસાધકોનુ સનમાન તુલસી ના રોપા આપીસનમાન કરાયું હતું અને સ્વનો એક જ સૂર હતો કરો યોગ તો રહો નીરોગ.**

# સાતમાં વિશ્વ યોગ દિવસ-૨૦૨૧ ની ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લામાં યોગ કોચ-ટ્રેનરને પ્રમાણપત્ર વિતરણ કરાયા



લુણાવાડા, યોગથી વ્યકિતનો શારીરિક, માનસિક અને આદ્યાત્મિક વિકાસ થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના સંનિષ્ઠ પ્રયાસને કારણે ૨૧ મી જૂનના દિવસને વિશ્વ યોગ દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. જેના કારણે માનવ કલ્યાણના ઉદ્દાત ધ્યેય સાથે ભારતના ઋષિ-મુનિઓ દ્વારા નિર્મિત યોગવિદ્યાને વૈશ્વિક મહત્વ મળ્યું છે.

સાતમાં વિશ્વ યોગ દિવસ-૨૦૨૧ ની ઉજવણી અંતર્ગતમુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ગાંધીનગર ખાતે યોગ કોચ-યોગ ટ્રેનર સર્ટિફિકેટ વિતરણસમારોહમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા વિડિયો કોન્ફરન્સના માદયમથી રાજયના તાલીમ પામેલ યોગ કોચ અને ટ્રેનરને પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ અને પ્રાણાયામ થકી સૌને સ્વસ્થ તંદુરસ્ત જીવન માટે યોગ પ્રત્યે પ્રેરિત થવા સાથે યોગમય ગુજરાતનો સંદેશ પાઠવ્યો હતો.આ કાર્યક્રમમાં મહીસાગર કલેકટર કચેરી વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લાના ૨૦ યોગ કોચ-ટ્રેનરને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, ઈન્ચાર્જ અધિક નિવાસી કલેકટર જે.કે.જાદવ, જિલ્લા રમત ગમત અધીકારી મયુરીબાલા ગોહિલ, યોગ કોચ અને ટ્રેનર ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર તાલુકાની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ૭મો વિશ્વ યોગ દિવસ ઉજવાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા કલસ્ટરની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં આજરોજ વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આજના આ કાર્યક્રમમાં એસએમસી અધ્યક્ષ કોયાભાઈ ભાભોર તથા તમામ સભ્યો, શાળાના આચાર્ય તથા તમામ સ્ટાફ મિત્રો હાજર રહી યોગ અને યોગાસનો કર્યા. કરો યોગ રહો નિરોગ આ યુવતીને સાર્થક કરતા અમારી શાળાના યોગ શિક્ષક સુરેશભાઈ ભાવસારના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ આજરોજ સમગ્ર યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

# સંતરામપુર બીજેપી દ્વારા યોગ દિવસે યોગ કાર્યક્રમ યોજાયો



સંતરામપુર, આજ રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, સંતરામપુર દ્વારા આયોજિત યોગ કાર્યક્રમમાં કરવામાં આવ્યો. આપણી પ્રાચીન પરંપરાને ઉજાગર કરવાના ઉમદા અભિગમ સાથે તન અને મનની શાંતિ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે અસરકારક એવા યોગના વિવિધ આસનો કર્યા, ત્યારે મન પ્રફુલ્લિત થયું.

ચાલુ વરસાદમાં યોગ કરવાની મજા કઈ અલગ હોય છે. યોગ શિક્ષક ભરતભાઈ દ્વારા ખૂબ જ સુંદર યોગ કરવામાં આવ્યા.

આ પ્રસંગે સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર, જીલ્લા એસી મોરચાના પ્રમુખ દીપકભાઈ ચાવડા, તાલાકા મંડળના પ્રમુખ બંળવતભાઈ પટેલીયા, સંતરામપુર નગર મંડળના પ્રમુખ સંદિપભાઈ, મહામંત્રી નિતીનભાઇ રાણા, નગરપાલિકાના કોર્પોરિટર સંદીપભાઈ પરમાર, સોશિયલ મીડિયાના જીગ્નેશભાઈ, નિરવભાઈ યુવા મોરચાના મિત્રો કેવલભાઈ રાઠોડ, કલ્પેશ પ્રજાપતિ, પ્રફુલભાઈ ડામોર કાર્યકતા ઉપસ્થિત રહયા.

# નાની સરસણ પે સેન્ટર શાળામાં વેકિશનેશન મહા અભિયાન અને વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ યોજાયો



લુણાવાડા, આજ રોજ તા ૨૧મી જુન ૨૦૨૧ના દિવસે દશરથભાઈ બારીઆ મહીસાગર જિ. ભાજપા પ્રમુખ ના અદયક્ષ સ્થાને વેક્શિનેશન મહા અભિયાનના શુભારંભ, વિશ્વયોગ દિવસની ઉજવણી અને નવીન ઓરડાના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે તા.પ્રા. શિક્ષણાધિકારી કોકિલાબેન પ્રજાપતિ, મેડિકલ ઓફિસર પી.એચ.સી. નાનીસારસણ ડો.શૈલીબેન પટેલ, સરપંચ નાનીસરસણ, મોટીસરસણ અને ધામોતના મોહિલા સહિત ગ્રામજનો, કર્મચારીગણની વિશાળ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો.

કાર્યક્રમનું સમગ્ર આયોજન શાળાના આચાર્ય દિનેશચંદ્ર પટેલ અને સફળ સંચાલન મ.શિ.સંગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું.

# બાલાસિનોરના પુર્વ PSI અને પોલીસ કર્મી સામે આઠ લાખની ઠગાઈની આખરે ફરિયાદ નોંધાઈ

લુણાવાડા, બાલાસિનોરના પુર્વ પી.એસ.આઈ.એ શિક્ષક સાથે મૈત્રી કેળવી લીધેલા શિક્ષકના આઠ લાખ રૂપિયા પાછા નહિ આપતા શિક્ષકે કોર્ટના દરવાજા ખખડાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી સંબંધમાં કોર્ટમાં નોંધાવતી ફરિયાદને પગલે આ કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચુકેલા પોલીસ સબ ઈન્સ્પેકટર પ્રખાશચંદ્ર જયરામ પંડયાએ પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ બાલુસિંહ મળીને શિક્ષક સૈયદ સિરાજુદ્દીન રૂકમુદ્દીન પાસે રૂ.આઠ લાખ લીધા પછી પાછા નહિ આપી છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ શિક્ષકે કોર્ટમાં કરી છે. શિક્ષક પી.એસ.આઈ.ને પોતાના વતનમાં મકાન બનાવવા તેમજ ફોર વ્હિલર ગાડી લાવવા રૂપિયા દસ લાખ આપેલ હતા જેમાંથી પી.એસ.આઈ.એ બે લાખ આપી બાકીના આઠ લાખ રૂપિયાની વારંવાર માંગણી કરવા છતાં પાછા નહિ આપતા આખરે શિક્ષકે આધાર પુરાવા સાથે વકીલ મારફતે કોન્સ્ટેબલ સામે કોર્ટમા ફરિયાદ દાખલ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૨-00૬-૨૦૨૧, મંગળવાર, જેઠ સુદ-ચોથ, સૂર્યોદય-૫-૫૬, સૂર્યાસ્ત-૭-૨૪, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : કવૃશ્ચિક (ન ,ય), નક્ષત્ર: વિષાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૨.૦૬.૨૦૨૧ મંગળવાર

મેષ (અ,લ,ઈ) : સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ધ્યાન યોગ મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .
મકર (ખ,જ) : વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો.
મીન (દ,ચ,ઝ,થ): હિતશત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં કોવીડ સામે વેક્સીનેશનના મહાઅભિયાનનો પ્રારંભ

દાહોદ,

સમગ્ર રાજ્યની સાથે દાહોદમાં પણ કોરોના વાયરસને પરાસ્ત કરવા માટે વેક્સીનેશનના મહાઅભિયાનનો ૨૫ સેન્ટર ઉપરથી પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યમંત્રી બચુભાઇ ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોર અને કલેક્ટર વિજય ખરાડી આ મહાઅભિયાનમાં જોડાયા હતા અને દાહોદના નાગરિકોને કોવીડ વેક્સીન લઇ કોરોના સામે સુરક્ષિત થઇ જવા અપીલ કરી હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કરેલી જાહેરાત મુજબ ગુજરાતના તમામ નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન મળી રહે એ માટે ભારત સરકારે વેક્સિનનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ કરાવ્યો છે. રાજ્યમાં તમામ વયજૂથના નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન અપાશે.

૧૮ થી ૪૪ વર્ષની વય જૂથના યુવાનોના વેક્સિનેશન માટે પણ રાજ્ય સરકારે પૂરતું આયોજન કર્યું છે. એકવીસમી જૂન થી યુવાનોને વેક્સિનેશન માટે અગાઉથી રજિસ્ટ્રેશન નહીં કરાવવું પડે. હવેથી દરેક વ્યક્તિ વોક–ઈન વેક્સિન લઇ શકશે. રાજ્યમાં દરેક નાગરિકોને ઘરઆંગણે આસાનીથી વેક્સિન ઉપલબ્ધ કરાવી શકાય એ માટે રાજ્યમાં વેક્સિનેશન બૂથની સંખ્યા પણ વધારીને પાંચ હજાર કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે ધાનપુર તાલુકાના રાછવા તથા દાહોદ નગરના ગારખાયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાંસદ જસવંતસિંહ ભાભોર અને કલેક્ટર વિજય ખરાડીએ બાંડીબાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ મહાનુભાવોએ દાહોદ જિલ્લાના નાગરિકોને વહેલી તકે કોરોના સામેની વેક્સીન લેવા માટે અપીલ કરી હતી.

દાહોદ જિલ્લામાં ૩.૫૦થી વધુ નાગરિકોએ કોરોના સામેની રસીનો પ્રથમ ડોઝ મૂકાવી લીધો છે. તેની સાથે ૧.૯૫ લાખથી વધુ નાગરિકોએ બીજો ડોઝ લઇ લીધો છે.

આ વેળા એ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર. ડી. પહાડિયા નગર પાલિકાના કાઉન્સિલર સહિત અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સરકારના વેક્સીનેસન મહાઅભિયાન સંજેલી ખાતે ૯:૨૫ કલાકે શુભારંભ કરવામાં આવ્યો હતો

સંજેલી,

સમગ્ર રાજય ભરમાં વેકસીનેશન અભિયાન આરંભ કરવામાં આવ્યો છે. તેના સંદર્ભમાં સંજેલી તાલુકામાં પણ વેકસીનેશનનો દીપ પ્રાગટય કરીને મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંજેલીમાં કોરોના રસીકરણનો દીપ પ્રાગટય કરીને વેકસીનેશન મહાઅભિયાનનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં યુવાનોએ સ્વંય નિર્ભરતા પૂર્વક રસીકરણનો લાભ લઇ સૌ યુવાનોને સત્વરે વેકસીન લેવા અનુરોધ કર્યો હતો વેકસીન એકદમ સુરક્ષિત છે. તેનાથી કોઇ આડઅસર થતી નથી સોસીયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજો સત્યથી વેગળા છે.





તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલીમાં વેકસીનેશન મહાઅભિયાન માં યુવાનો,૪૫ વર્ષથી વધુ લોકોએ નિર્ભરતા પૂર્વક રસીનો ડોઝ લીધો હતો. વેકસીન લેનાર સૌ કોઈ લોકોએ લોકોને અપીલ કરી હતી કે કોરોના રસીનો ડોઝ સત્વરે લાભ લેવા જણાવ્યું હતું તેમજ કોરોના રસીથી કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી સામાન્ય માથું,અને તાવ આવે છે પરંતુ નિર્ભરતા, પૂર્વક રસીકરણ લેવા અનુરોધ કર્યો હતો.

સૌ યુવાનો, વડીલોઓ, સત્વરે વેકસીનનો લાભ લઇ વેકસીનેશન મહાઅભિયાનનો ભાગ લે માટે અપીલ કરી હતી સંજેલીમાં સૌ કોઈ લોકોએ સ્વયં કોરોના રસીકરણનો ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને લોકોને સત્વરે વેકસીન લેવા અપીલ કરી હતી. વેકસીનેશન મહાઅભિયાન તાલુકા પ્રમુખ ભુપેન્દ્રસિંહ સંગાડા, સંજેલી TDO હરેશ મકવાણા તાલુકા હેલ્થ ઓફિસર ડો.આલમ આરોગ્ય વિભાગના કર્મીઓ, તાલુકા સભ્યોની ઉપસ્તીથીમાં આરંભ કરવામાં આવ્યો હતો.

# દાહોદ જિલ્લાના દિવ્યાંગોએ UDID કાર્ડ માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે

દાહોદ,

ભારત સરકારના દિવ્યાંગગજન સશકિતકરણ વિભાગ દ્વારા દેશમાં દિવ્યાંગજનો માટે ભવિષ્યમાં જુદી જુદી યોજનાઓના લાભ માટે યુનિવર્સલ આઇડી ફોર પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ (યુ.ડી.આઇ.ડી.) પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં પણ દિવ્યાંગોને દિવ્યાંગતા પ્રમાણપત્ર અને યુડીઆઇડી કાર્ડ માટે http://www.swavlambancard.gov.in વેબસાઇટ પરથી ઇસ્યુ કરવાની કામગીરી અત્યારે ચાલુ છે.

દિવ્યાંગોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટે જીલ્લા સમાજ સુરક્ષા દાહોદની કચેરીમાં જરૂરી પુરાવાઓની અસલ અને નકલ સાથે લઈને સોમવાર અને ગુરુવારે આવવાનુ રહેશે. આ માટે જન્મનો દાખલો (ઉંમરનુ પ્રમાણપત્ર), આધાર કાર્ડ, રેશન કાર્ડ, પાસપોર્ટ સાઇઝનો ફોટો સાથે લાવવાનો રહેશે.

માત્ર રજીસ્ટ્રેશન કરવાથી દિવ્યાંગતા પ્રમાણપત્ર અને યુડીઆઇડી કાર્ડ મળવાપાત્ર રહેશે નહિ. પરંતુ જે લાભાર્થીઓએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ હોય તેવા લાભાર્થીઓને દાહોદ જીલ્લાની સિવિલ હોસ્પિટલ (ઝાયડસ હોસ્પીટલ એન્ડ મેડિકલ કોલેજ)માં દિવ્યાંગતાની તબીબી તપાસ માટે અસલ પુરાવા સાથે ફરજીયાત જવાનું રહેશે. યુડીઆઇડી કાર્ડ ભારત સરકાર તરફથી જીલ્લા સમાજ સુરક્ષા દાહોદની કચેરી મારફત આપના સરનામા પર અરજી મંજુર થયાના એક માસ બાદ મળશે. યુડીઆઇડી કાર્ડ ન મળેલ હોય તો જીલ્લા સમાજ સુરક્ષા દાહોદની કચેરીનો સંપર્ક નં.૦૨૬૭૩–૨૩૯૨૨૫ કરવો.

વધુમાં નોંધનીય બાબત એ છે કે, ગુજરાત સરકાર દ્વારા હાલમાં જ બૌદ્ધિક અસમર્થતા ધરાવતી મનો દિવ્યાંગ, સેરેબલ પાલ્સી, ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) વ્યકિતઓને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકા કરેલ છે અને બી.પી.એલ. સ્કોર હોવો જરૂરી નથી. આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/– સહાય કરવામાં આવી છે. જેથી લાગતાવળગતા સદર યોજનાનો લાભ લેવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદના માતવા ગામ ની પ્રા. શાળા ખાતે “વિશ્વ યોગ દિવસ” નું આયોજન કરાયું

ગરબાડા,

ગરબાડા તાલુકાના માતવા ગામની પ્રા.શાળા ખાતે ‘‘વિશ્વ યોગ દિવસ’’નું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા અને પેરા લિગલ વોલિયંટર હીરાલાલ સોલંકી નાં નેજા હેઠળ કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિશ્વ યોગ દિવસના પ્રારંભે માતવા પ્રા.શાળાના આચાર્ય રાજેશભાઈ તડવી દ્વારા મુખ્ય અતિથિઓ હીરાલાલ સોલંકી અને આર.કે બામણીયાનું પુષ્પમાળા અર્પણ કરી સ્વાગત કરાયું હતું. યોગ પ્રશિક્ષક આર.કે.બામણીયા એ યોગનું મહત્વ સમજાવી, યોગના વિભિન્ન આસનો થકી યોગ ઉપસ્થિત સર્વેને કરાવ્યા હતા.કાર્યક્રમના મુખ્ય અતિથિ હીરાલાલ સોલંકી એ યોગના ફાયદાઓ જણાવી સાથોસાથ યુવાનોને કહ્યુંહતું કે, સ્વાસ્થય સારૂ હશે તો આપ પોલીસ, આર્મી, એસ.આર.પી જેવી સ્પર્ધાત્મક નોકરીઓમાં પણ ભરતી થઈ શકશો.

કાર્યક્રમને સફળ બનાવવા મયંક ભુરીયા, મહેશભાઈ રાઠોડે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અન્ય સહભાગીઓ શનુભાઈ માવી અને પિન્ટુ દિવાકર હતા.



ગુજરાતમાં આજ થી શરૂ થયેલ મહાઅભિયાન અંતર્ગત ઝાલોદ વિસ્તાર ધારાસભ્ય ભાવેશભાઈ કટારાએ કોવિડ સામે રક્ષણ આપતા વેકિસનનું વેકિસનેશન કરાવ્યું અને ઝાલોદ તાલુકાના લોકોને પણ વેકિસન લઈ સંભવિત આવનારી ત્રીજી લહેર નો સામનો કરવા વેકિસનેશન અવશ્ય કરાવવા આહ્વાન કર્યું.

## ગરબાડાના અભલોડ ગામે ટેમ્પો ચાર ઈસમોએ રોકી મારમારી ૨૫ હજાર રોકડા અને મોબાઈલની લુંટ કરી

ગરબાડા,

ગરબાડા તાલુકાના અભલોડ ગામે એક નમકીન ભરેલ ટેમ્પાના ચાલકને બે મોટરસાઈકલ પર સવાર થઈ આવેલા ચારેક જેટલા અજાણ્યા ચોર ઈસમોએ ટેમ્પાને આંતરી ચાલકને ગડદાપાટુનો માર મારી તેની પાસેથી રોકડા રૂપીયા ૨૫ હજાર અને એક મોબાઈલ ફોનની લુંટ કરી નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામી છે.

દાહોદ તાલુકાના રળીયાતી ગામે સાંગા ફળિયામાં રહેતાં શૈલેષભાઈ મનસુખભાઈ માવી ગત તા.૧૯મી જુનના રોજ નમકીન અને દરેક પ્રકારના ફ્રેમ્સના પડીકાનો માલ સામાન લઈ અને પૈસાની ઉઘરાણી કરી ગરબાડા તાલુકાના અભલોડ ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન બે મોટરસાઈકલ પર સવાર થઈ આવેલા ચાર જેટલા અજાણ્યા ચોર ઈસમોએ ટેમ્પાને આંતરી શૈલેષભાઈ મનસુખભાઈ માવીને ટેમ્પામાંથી નીચે ઉતાર્યો હતો અને તેઓને ગડદાપાટુનો માર મારી તેઓની પાસેથી ઉઘરાણીના રોકડા રૂપીયા ૨૫ હજાર અને એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦૦ એમ કુલ મળી ૨૫,૫૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી નાસી જતાં આ સંબંધે લુંટનો ભોગ બનેલ શૈલષભાઈ મનસુખભાઈ માવીએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુખસરના ઈસમે દિકરીના LC ની ઝેરોક્ષમાં જન્મ તારીખમાં ફેરફાર કરતાં ફરિયાદ

દાહોદ,

ફતેપુરા તાલુકાના સુખસર નગરમાં એક ઈસમે પોતાની દિકરીના શાળા છોડ્યાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલમાં ખોટી જન્મ તારીખનો સુધારો કરી પોલીસને ગેરમાર્ગે દોરતાં આ સંબંધે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના મારગાળા ગામે રહેતા હિંમતભાઈ કમલાભાઈ ભાભોરે સુખસર પોલીસ મથકે નોંધાયેલ પોસ્કો એકટના ગુન્હામાં હિંમતભાઈ ફરીયાદી બની પોતાની દિકરીના પ્રાથમીક શાળાના ધોરણ ૦૫ પાસ કર્યા પછીના નિશાળ છોડ્યા બાબતના અસર દાખલાની ઝેરોક્ષ નકલ કરી ઝેરો નકલમાં પોતે પોતાની દીકરીની સાચી જન્મ તારીખ ૦૯.૦૭.૨૦૦૩ જાણતો હોવા છતાં તેણે ઝેરોક્ષ નકલમાં જન્મ તારીખ ૦૯.૦૭.૨૦૦૩ મુજબનો સુધારો કરી ગુન્હાની ફરિયાદ કરતી વખતે સુધારો કર્યો હતો અને તે ઝેરોક્ષ નકલ પોલીસ સમક્ષ રજુ કરી હતી. આ ઝેરોક્ષ નકલમાં જન્મ તારીખમાં આ ગોટાળા હોવાનું પોલીસને સામે આવતાં સુખસ પોલીસે હિંમતભાઈ કમલાભાઈ ભાભોર વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના ગવાડુંગર ગામે માપણી દરમિયાન ગામના પિતા-પુત્ર દ્વારા પેટ્રોલ છાંટી આત્મવિલોપન કરવાની નાકામ કોશિષ

દાહોદ,

ફતેપુરા તાલુકાના ગવાડુંગર ગામે જમીન બંદોબસ્તની માપણીની કામગીરી દરમિયાન ગામમાં જ રહેતા પિતા–પુત્ર ત્યાં આવી હાથમાં પ્લાસ્ટિકના કારબામાં પેટ્રોલ ભરી લાવી શરીરે છાંટી પોતાની જાતે આત્મહત્યા કરવાની કોશિષ કરતા પોલીસે પિતા–પુત્રની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તા.૧૯ જુનના રોજ ગવાડુંગર ગામે આવેલી સર્વે નં–૨૦૪ની જમીન મહિસાગર તેમજ દાહોદ જિલ્લાની હદના તાલુકાના સીમાડે ગવાડુંગર ગામ તથા મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બાબરોલ ગામ વચ્ચે આવેલ હતી. જે સર્વે નંબર બંને સીમાડા ઉપર જમીન બંદોબસ્તની માપણી કરવાની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન ગવાડુંગર ગામે રહેતા પરસોત્તમભાઈ સોમાભાઈ મછાર અને સોમાભાઈ કાળુભાઈ મછાર એમ બંને પિતા–પુત્ર ત્યાં આવ્યા હતા આ દરમિયાન બંદોબસ્તમાં ઉભેલી પોલીસે પિતા–પુત્રની અટકાયત કરી પોલીસ મથકે લઈ આવી બંને વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જીજ્ઞા કપુરીયા (નિયતી)

મિત્રો બાજ પક્ષીથી આપણે કોઈ અજાણ નથી પણ એક અત્યંત આશ્ચર્યજનક વાત આજે હું આપને કહું છું. જે મહાભારતથી જોડાયેલી છે.

મહાભારતમાં પિતામહ ભીષ્મએ આ બાજ ઉપર એક સરસ વાત કહી છે.

આપણે મનુષ્યો અમુક ઉંમરે પહોંચીએ ત્યાં હાર માની લઈએ છીએ! આપણાં શરીરનું ધ્યાન આપણે રાખતાં નથી, જ્યારે બાજ પક્ષી ૭૦ વર્ષની આયુ ધરાવે છે, ચાલીશ વર્ષે પહોંચે ત્યારે એની ચાંચ કમજોર થઈ જાય. અને પગના પંજાની પકડ નબળી પડી જાય... પાંખોનાં પીંછા ખરી પડે. ત્યારે એ પોતાની જાતે પાંચ થી છ મહિના માટે કોઈ ઊંચાઈ ઉપર પોતાનું રહેઠાણ બનાવી લે છે અને ત્યાં મહિનાઓ સુધી એકાંતમાં કાઢે છે અને રોજ ચાંચ પછાડી પછાડીને તોડી નાખે!

પગના પંજા પણ એ રીતે કાઢી નાખે અને પોતાની પાંખનાં પીંછા પણ એજ રીતે જાતે ખેંચી નાખે ! છ મહિના ખૂબ કષ્ટ આપે પોતાના શરીરને આવી કષ્ટદાયક યાતના સાથે મૃત્યુની પ્રતિક્ષા કરે પણ કુદરતની બલિહારી જુઓ છ મહિના બાદ એક નવી જિંદગી મળે. એને ફરીથી ચાંચ ઉગી નીકળે છે અને નવા પંજા અને પીંછા પ્રાપ્ત થાય છે ફરીથી એ નવજીવન મેળવીને બાકીનાં વર્ષ શાંતિની જિંદગી જીવે છે. બાજ પક્ષીને પ્રભુનું વરદાન છે!

આપણે બાજ પક્ષીની જેમ આપણાં શરીરને કષ્ટ કે પીડા તો આપી નથી શકતાં પણ આપણે ઋષિમુનીઓએ આપેલાં મહામૂલ્ય યોગશાસ્ત્રનું પાલન કરી આપણાં જીવનમાં યોગનું મહત્વ સમજીને સ્થાન આપશું તો આ કોરોનાકાળમાં કોરોનાને મહાત આપીને આપણે દીર્ઘાયુ બની એક સ્વસ્થ જીવન અવશ્ય વ્યતિત કરી શકીએ. આ કોરોના શું છે ? શું એ ખરેખર છે? કે પછી ભ્રમણા આ સવાલો કરવાં કરતાં આપણી પાસે આયુર્વેદનો ખજાનો છે જે આપણાં પૂર્વજો આપી ગયાં એનો પ્રયોગ કરવો જોઈએ આ આજના આ કાળની કે સમયની માંગ છે કહેવત છે ને ‘‘ચેતતો નર સદા સુખી’’....

## દે.બારીઆ તાલુકામાં પવન અને વીજળીના ચમકારા સાથે ઝાપટા પડતા ખેડુતોને હાશકારો

દે.બારીઆ,

દે.બારીઆ પંથકમાં ઉનાળાના ગરમ પવનો અને કેટલાંક સમયથી ગરમી બફાળો–ઉકળાટથી પ્રજા કંટાળી ઉઠી હતી. એક તરફ ખેડુતો કોરોના કાળમાં માંડ માંડ દિવસો પસાર કરી ચોમાસા સત્રના વરસાદની રાહ જોતા બેઠા હતા. અને રાત્રિના સમયે પવનના સુસવાટા સાથે વીજળીના ચમકારા સાથે વરસાદના હળવા ઝાપટાની શરૂઆત થઈ હતી. અને વહેલી સવારથી જ પંથકમાં વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ.

બપોરના સમયે ધીરે ધીરે અચાનક મેઘરાજાની પધરામણી થતાં ખેડુતોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. પીપલોદ, મોટીઝરી, અસાયડી, રેબારી, ગુણા, પંચેલા, ભથવાડા, રામા, બામરોલી, દુધિયા, સાગટાળા, મંગોઈ, વાડોદર, અંતેલા સહિતના ગામડામાં સવારથી જ વરસાદના ઝાપટા આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગામડાના ખેડુતો હવે ખેતી લાયક વરસાદ વરસતા સારી થશે તેવી આશા વ્યકત કરી રહ્યા છે.

## ગુજરાતની રૂપાણી સરકાર પાસે રાહતના પેકેજની આશા રાખતા ગરીબ મધ્યમવર્ગના લોકો

દે.બારીયા,

ગુજરાતની રૂપાણી સરકાર તથ કેન્દ્રની મોદી સરકાર જે ડબલ એન્જીનવાળી સરકારના લુહામણા નામે ચર્ચાય છે. તો ગરીબોને દિલ્લીની અરવિંદ કેજરીવાલની સરકારે તમામ રીક્ષા, ટેકસી ચલાતા વ્યકિતઓને રૂા. ૫૦૦૦/–ની રોકડ રકમની સહાય આપવાની ઘોષણા કરી છે. તે મુજબ આપણા ગુજરાતની સરકાર તો રોકડ નહિ પરંતુ જેમણે નાની મોટી ગૃહ ઉદ્યોગ તથા અન્ય કામો માટે જે બેન્કેબલ તથા ખેતીલક્ષી લોન લીધી છે. તે મુજબ બીજી લહેરમાં તમામ ધંધા રોજગાર ઠપ થઈ ગયા છે. આપણી ડબલ એન્જીન ધરાવતી બન્ને સરકારો આના વિશે સોચ વિચાર કરીને કોઈ નકકર નિર્ણય લઈ બેન્કેબલ લોન માટે દિવાળી સુધી જે મુજબ મફત અનાજની ઘોષણા થઈ તે પ્રમાણે તમામ લોન ધારકોને દિવાળી સુધી લોનના હપ્તા ભરવામાં રાહત આપે તેવી આમ ગરીબ ધંધા વખરીઓની માંગણી છે. રોકડ રકમના સહી પરંતુ હપ્તા ભરવામાં આગલા વર્ષની માફક લોન ભરવામાં રાહત અપાય તેની કાગડોળે નાના વેપારી એગ્રી થયા ગૃહઉદ્યોગના બેન્કેબલ લોનના અરજદારો આશાની મીટ માંડી રહ્યા છે. તમામ બેન્કેબલ જે તે કરજદારને હેરાન કરી રહ્યા છે. હપ્તાની ભરપાઈ કરવા માટે તેના માટે રાહતની પેકેજની દિવાળી સુધીની આવશ્યકત છે.

## ગરબાડાના ૪૩૦૦ લાભાર્થીઆને મકાન સમારકામની સહાય માટે રાહ જોવાનો વારો

ગરબાડા,

કોરોના કાળમાં દાહોદ જિલ્લાના ખેત મજુરોને મજુરી અર્થે બહાર ન જવાથી સરકાર દ્વારા આ વાસ્તવિકતા મજુરોને મકાન રિપેરીંગ માટે રૂપિયા ૩૫ હજારની સહાય માટે આત્મનિર્ભર પેકેજ અંતર્ગત ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં ગરબાડા તાલુકામાંથી ૪૩૦૦ હજાર જેટલા ફોર્મ ભરવામાં આવ્યા હતા. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચુંટણી પહેલા લાભાર્થીઓ દ્વારા ઘરવેરા ભરીને ફોર્મ તાલુકા કચેરીએ જમાં કરાવ્યા હતા. ચુંટણી પુરી થયાને ચાર–પાંચ મહિના થવા આવ્યા છે છતાં આ આત્મનિર્ભર પેકેજ અંતર્ગત અનુસુચિત જન જાતિના ખેત મજુરો આવાસ રિપેરીંગની રાહ જોઈ રહ્યા છે. દરરોજના તાલુકા પંચાયત કચેરીએ તપાસ અર્થે ધરમધકકા ખાતા જોવા મળે છે શુ આ લાભાર્થીઓને ચોમાસા પુર્વે આવાસ સમારકામના નાણાં મળશે કે પછી ચુંટણી પહેલા લોલીપોપ આપવામાં આવી હતી તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

## મોરવા હડફ ધી. કે હાઈસ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી





મોરવા(હ),

આજ રોજ ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ નિમિત્તે મોરવા હડફ ધી કે હાઈસ્કૂલ ખાતે ધારા સભ્ય નિમિષાબેન સુથાર દ્વારા યોગ દિવસ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પંચમહાલ જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ પટેલ, મોરવા હડફ મંડલ પ્રમુખ તખતસિહ પટેલ, એસ.સી.મોરચાના મહામંત્રી કે.ડી.ભાઈ પરમાર, ,જીલ્લા પંચાયત સદસ્ય રામસિંહ બારીઆ, પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ પૂરોહીત, ધી.કે.એસ. સ્કુલના આચાર્ય અને મોટી સંખ્યામાં કાર્યકતા અને લોકો ઉસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 255

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલમાં સાર્વત્રિક વરસાદ

# ગોધરામાં પોણા ઈંચ વરસાદમાં રસ્તાઓ પાણીમાં ઘરકાવ



પોણા ઈંચ વરસાદમાં પાલિકાની પ્રિમોન્સુનની કામગીરીની પોલ ખોલી

ગોધરા,
પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડતા ખેડુતોમાં આનંદ જોવા મળ્યો છે. આજરોજ બપોરના સમયે ગોધરા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં મેઘરાજા એ ધમાકેદાર બેટીંગ કરી હતી. પોણા ઈંચ જેટલા વરસાદમાં શહેરાના અનેક વિસ્તારોમાં રોડ ઉપર પાણી ભરાવાની સમસ્યા જોવા મળી હતી. પોણા ઈંચ જેટલા વરસાદમાં પાલિકાની પ્રિમોન્સુનની કામગીરીની પોલ ખોલી નાખી છે.

પંચમહાલ જીલ્લાના ખેડુતો વરસાદની કાગ ડોળે રાહ જોઈ રહ્યા હતા. ત્યારે શનિવાર થી જીલ્લામાં વરસાદી માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. શનિવાર થી શરૂ થયેલ છુટા છવાયા વરસાદને લઈ ખેડુતોમાં આનંદ વ્યાપી જવા પામ્યો છે. પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. આજરોજ બપોરના સમયે ગોધરા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં મેઘરાજા એ ધમાકેદાર બેટીંગ કરી હતી અને એક થી દોઢ કલાકમાં પોણા ઈંચ જેટલો વરસાદ પડતાની સાથે ગોધરા શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ ઉપર પાણી ભરાવાની સમસ્યા જોવા મળી હતી.

**પંચમહાલ જીલ્લામાં આજના વરસાદી આંકડા**

ગોધરા - ૨૨ મી.મી.
કાલોલ - ૦૧ મી.મી.
મોરવા(હ) - 30 મી.મી.

ગોધરા શહેર તાલુકા પંચાયત કચેરી થી કોર્ટ સુધી રોડ ઉપર પોણા ઈંચ વરસાદમાં પાણી ભરાઈ જતાં કચેરીઓમાં આવતાં અરજદારો અને વાહન ચાલકો પરેશાન થયા હતા. ચોમાસાની સીઝન પહેલા નગર પાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે પ્રિમોન્સુન કામગીરી કરવામાં આવતી હોય પરંતુ આજરોજ પોણા ઈંચ વરસાદમાં પાલિકાની પ્રિમોન્સુન કામની પોલ ખોલી નાખી હતી. ચોમાસાની શરૂઆતના પોણા ઈંચ વરસાદમાં જો શહેરના રસ્તાઓ ઉપર પાણી ભરાવાની સમસ્યા જોવા મળી છે. ત્યાર ચોમાસાના વરસાદની રેગ્યુલર શરૂઆત થાય તે પહેલા શહેરના જે વિસ્તારોમાં રોડ ઉપર વરસાદી પાણી ભરાવાની સમસ્યા છે. તેવા માર્ગો ઉપર થી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

## શહેરાના મીઠાલી ગામે ખેતરમાં ગાંજાનું વાવેતર : પોલીસે રેડ કરી ૧.૬૧ લાખનો ગાંજો ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના મીઠાલી ગામે ખેતરમાં ગલગોટા અને અન્ય છોડની વચ્ચે ખેડૂતને ગાંજાની ખેતી કરવી ભારે પડી હતી. પોલીસને ખેડૂતના ખેતરમાંથી રૂપિયા ૧ લાખ ૬૧ હજાર ઉપરાંતના ૧૬.૧૨૦ કિલો ગ્રામ લીલા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે પોલીસે ખેડૂત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

શહેરા તાલુકાના મીઠાલી ગામના ડાંગરીયા ફળિયામાં રહેતા દલસુખ સાયબાભાઈ બારીઆ દ્વારા પોતાના મકાનની બાજુમાં આવેલ ખેતરમાં ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર કરેલ હોવાની બાતમી શહેરા પોલીસને ખાનગી રાહે મળી હતી. તે બાતમીના આધારે શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એચ.સી.રાઠવા સહીતની પોલીસની ટીમે મીઠાલી ગામના ડાંગરીયા ફળીયામાં રહેતા દલસુખ બારીઆના ખેતરમાં છાપો મારતાં દલસુખ બારીઆએ પોતાના ખેતરમાં બનાવેલ વાડામાં ગલગોટા ટીંડુરા અને પપૈયાંના છોડ વચ્ચે ઉગાડેલ લીલા ગાંજાના ૧૦ જેટલા છોડ મળી આવ્યા હતા. જે બાબતે શહેરા પોલીસ દ્વારા એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવતા એફ.એસ.એલ. ટીમે ગાંજાના છોડ હોવાનું સ્થાપિત કર્યું હતું. જેથી પોલીસ દ્વારા લીલા ગાંજાના ૧૦ છોડને કબ્જે કરી તેનું વજન કરતા ૧૬ કિલો ૧૨૦ ગ્રામ હોવાનું જણાઈ આવ્યું હતું, જેથી પોલીસે રૂ.૧,૬૧,૨૦૦ની કિંમતના લીલા ગાંજાના જથ્થા સાથે ગાંજાના છોડનું વાવેતર કરનાર ખેડૂત દલસુખભાઈ સાયબાભાઈ બારીઆને ઝડપી પાડી તેની સામે નાર્કોટિક્સ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

## રાજયકક્ષા દ્વારા હાલોલ ખાતેથી તાલુકા કક્ષાના રસીકરણ મહાઅભિયાનનો શુભારંભ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
સમગ્ર રાજ્યમાં કોરોના રસીકરણ મહાઅભિયાનનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે દેશના તમામ નાગરિકોને સુરક્ષિત કરવા માટે દેશના પ્રધાનમંત્રી દ્વારા કોરોના રસીકરણના મહાઅભિયાનનું આહવાન કરવામાં આવ્યું હતું. જેને લઈને સમગ્ર રાજ્યમાં વિશ્વ યોગ દિવસના ઉપલક્ષમાં વેક્સિનેશનના મહાઅભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ત્યારે જિલ્લાના હાલોલ ખાતે આવેલ વી.એમ.હાઈસ્કુલ ખાતેથી આજરોજ તાલુકા કક્ષાના રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. રાજયકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા હાલોલ તાલુકાનાં વેક્સિનેશન મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. વી.એમ હાઈસ્કુલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય બાદ રસીકરણને લગતી પાંચ મિનિટની ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. બાદમાં મંત્રી દ્વારા રસીકરણ અભિયાન શરૂ કરાવવામાં આવ્યું હતું. વેક્સિન લેવાપાત્ર લાભાર્થીઓને વેક્સિન આપ્યા બાદ આ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. હાલોલ તાલુકામાં આવેલા ૭ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ તેમાં સમાવિષ્ટ ૪૩ જેટલા સબસેન્ટરમાં વેક્સિન લેવાપાત્ર વ્યક્તિઓની સંખ્યા ૧,૫૨,૦૯૯ છે, જે પૈકી ૨૮૮૪૯ વ્યક્તિઓને વેક્સિન આપવામાં આવી છે. જ્યારે બાકી રહેતાં ૧,૨૩,૨૫૦ વ્યક્તિઓને રસીકરણ મહા અભિયાન હેઠળ આવરી લઈ કોરોના સામે સુરક્ષિત કરવામાં આવશે.હાલોલ તાલુકા કક્ષાના રસીકરણ મહા અભિયાન પ્રારંભ પ્રસંગે જિલ્લા કલેકટર અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ .બી. રાઠોડ, હાલોલ નગરપાલિકા પ્રમુખ વિભાક્ષીબેન દેસાઈ, પાલિકા ચીફઓફિસર વિરાજ શાહ, હાલોલ પ્રાંત અધિકારી એ.કે. ગૌતમ, હાલોલ મામલતદાર કટારા, જિલ્લા મેડિકલ ઓફીસર ડો બી કે પટેલ, હાલોલ તાલુકા આરોગ્ય અધિકારી નયન જોશી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા NCC યુનિટ દ્વારા B અને C સર્ટિફીકેટની પ્રેકટીકલ પરીક્ષા યોજાઈ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
૩૦ ગુજરાત બટાલિયન એનસીસી ગોધરાનાં યુનિટ દ્વારા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વર્તમાન કોવિડ-૧૯ની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને માસ્ક, સેનીટાઈઝર અને સામાજિક દૂરી જાળવીને પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને શેઠ.પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે "B" અને "C" સર્ટિફિકેટની પ્રેક્ટિકલ પરીક્ષાનું આયોજન કરાયું હતું ગુજરાત એનસીસી ડાયરેક્ટર ના દિશાનિર્દેશને અનુસરી ૩૦,ગુજરાત, બટાલિયન એનસીસી. ગોધરા દ્વારા તારીખ ૧૮ અને ૧૯ જુનના રોજ એનસીસી "B" અને "C" સર્ટિફિકેટની પ્રેક્ટિકલ પરીક્ષાનું પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં આયોજન સરકારની SOP ને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ તારીખે ૩૨૫ જેટલા કેડેટ અને ૧૯ તારીખે ૩૬૨ જેટલા કેડેટે ઉપસ્થિત રહી સોશિયલ ડિસ્ટનસિંગ જાળવી, માસ્ક પહેરી જુદા જુદા વિષયની પ્રેક્ટિકલ પરીક્ષા આપી હતી. જેમાં પ્રેક્ટિકલ માં ડ્રિલ, હથિયાર સાથે ડ્રિલ, મેપ રીડિંગ, હથિયાર ખોલના જોડના, કોમ્યુનિકેશન, ફિલ્ડ કાફ્ટ અને બેટલ કાફ્ટ જેવા વિષયો સાથે પરીક્ષા થઈ હતી.આ પરીક્ષા ૩૦ ગુજરાત, બટાલિયન એનસીસી. ગોધરાના કમાન્ડિંગ ઓફિસર કર્નલ કિરીટ નાયર ANO અને PI સ્ટાફ ની ઉપસ્થિતમાં લેવામાં આવી હતી. અને ૨૦/૬/૨૦૨૧ ના રોજ "B" સર્ટિફિકેટની લેખિત પરીક્ષા શેઠ.પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે યોજાઈ હતી આ પરીક્ષા માં ૩૨૫ કેડેટ ઉપસ્થિત રહી પરીક્ષા આપી હતી. જેમાં ૩૪ ગુજરાત એનસીસી. બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ સંજય સયાલ અને ADM અજય આનંદ બુરાઈની ઉપસ્થિતિમાં ગોઠવાઈ હતી. પરીક્ષાનો સમય ૧૦.૦૦ થી ૧.૦૦ નો હતો. જેમાં ANO અને PI સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ ડિપાર્ટમેન્ટ અને ગાયત્રી પરિવારના સહયોગ થી યોગ પ્રાણાયામ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
૧૭માં આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિતે પોસ્ટ ડિપાર્ટમેન્ટ તેમજ ગાયત્રી પરિવાર ના સહયોગથી યોગ -પ્રાણાયામનો કાર્યક્રમ ગોધરા હેડ પોસ્ટ ઓફિસેનાં પટ્ટાગણમાં સંપન્ન થયો. પોસ્ટ ઓફિસ સુંપ્રિ. અરવિંદ કુમાર, (પંચમાહલ, દાહોદ, મહીસાગર), આસિસ્ટન્ટ સુંપ્રિ. જીતેન્દ્ર પ્રજાપતિ તથા હેડ પોસ્ટ માસ્ટર તારાબેન ઓદિચયા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે દરેક કર્મચારીને તુલસી છોડ ઉછેર માટે આપવામાં આવ્યા તેમજ ઓફીસ બગીચામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું. ઉપરાંત આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિતે સ્પેશિયલ કેનસલેશન સ્ટેમ્પનું વિમોચન પણ કરવામાં આવ્યુ.

ગોધરા તાલુકા સંયોજક શિવ દાસ કલવાણી તથા યોગશિક્ષક તરીકે ઈન્દુભાઈપરમાર શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડેમલી હાઈસ્કુલ મદદનીશ શિક્ષકે સુંદર કામગીરી બજાવી હતી. પોસ્ટ ખાતાના તમામ કર્મચારીઓ યોગ વ્યાયામ પ્રાણાયામ હાસ્ય થેરોપી કાર્યક્રમથી ખૂબ જ પ્રસન્નતા અનુભવતા હતા અને ખૂબ જ આનંદ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ઈન્દુભાઈ પરમાર તરફથી જણાવવામાં આવ્યું કે, વર્તમાન સમયમાં કોરોનાની સામે લોહીમાંઓક્સિજનનું પ્રમાણ વધે તે માટે પ્રાણાયામ નિયમિત કરવા જોઈએ યોગ ભગાવે રોગ નિયમિત યોગ થી દિનચર્યા સુધરે છે. એ વાત પણ યોગ શિક્ષક તરીકે ઈન્દુભાઈ પરમાર ખૂબ સુંદર રીતે વ્યક્ત કરી હતી તથા શિવનદાસભાઈ કાલવાણી પણ ઓમકાર અને ધ્યાન ખૂબ સુંદર રીતે કરાવ્યું હતું.

## વેજલપુર ચલાલી ચોકડી પાસે બે બાઈક સવારો વચ્ચે અકસ્માત એકનું સારવાર દરમ્યાન મોત

વેજલપુર,
ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ ચલાલી ચોકડી પાસે એક બાઈક GJ.17. BF. 3002ના સવાર રોડ ક્રોસ કરતા બીજી એક અન્ય બાઈક GJ.17. AC.9998 સવાર કલોલ તરફ બે ફીકરાય અને ગફલતરીતે હંકારી ને G.J17. BF. 3002 મોટર સાઈકલ ને ટક્કર મારતા એ બાઈક ઉપર બે સવાર રોડ ઉપર પછડાયા હતા. જેમા એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજા પોહચી હતી અને બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બંને મોટર સાઈકલના ચાલકોને ગંભીર ઈજાઓ થયેલ છે. જેમાં એક ઈસમનું ગોધરા સિવિલ ખાતે સારવાર દરમ્યાન મોત નીપજેલ છે. જ્યારે બીજા ઈસમને ગંભીર ઈજા થતાં તેને પણ સારવાર અર્થે દવાખાનામાં ભરતી કરવામાં આવેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર સાંજના પોણા આઠેક વાગ્યાના અરસામાં કાલોલ થી ગોધરા જતા રોડ ઉપર વેજલપુર ગામની ડેરીએ થી દૂધ ભરી ઘરે પરત ફરતાં મોટરસાયકGJ.17. BF.3002 લઈને રોડ ક્રોસ કરતી વખતે ચલાલી ચોકડી પાસે કાલોલ તરફથી GJ.17.AC. 9998ના ચાલક તેની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી બેદકારીથી હંકારી લાવતા વેજલપુરના ઉત્સવ ભાઈ દિનેશભાઈ તથા આશિષભાઈને અડફેટમાં લઈ ટક્કર મારતા બંને જણા નીચે પછડાતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં એમ્બ્યુલન્સ મંગાવી ગોધરા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા. ડોક્ટર એ સારવાર દરમિયાન તપાસી બાઈક પાછળ બેસેલા ઉત્સવ ભાઈ ને મરણ જાહેર કરેલ હતા. આ અકસ્માત બાબતે મરણ જનાર ઉત્સવ ભાઈ દિનેશભાઈના કુટુંબીક બકોર ભાઈ ઉગમશી ભાઈ તથા ઈશ્વરભાઈ દેવસી ભાઈ દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશનના કાયદેસરની ફરિયાદ નોંધાવતા વેજલપુર પોલીસે GJ.17. AC. 9998ના ના ચાલક સામે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

## કાલોલ અલીન્દ્રા ચોકડી પાસેની ટ્રક માંથી ડીઝલ ચોરી : હોટલનાં ચોકિદારને ગેબી માર મારી તસ્કરો ફરાર



કાલોલ,
રાત્રીના સુમારે મુખ્ય હાઈવે માર્ગ પર આવેલ હોટલો પર આવતાં બહાર નાં વાહનોને ટાર્ગેટ કરી વાહનોમાંથી ડિઝલ ચોરી કરવા ના અનેક કિસ્સાઓ બહાર આવતાં હોય છે. આવી જ ઘટનાં કાલોલ તાલુકાના વિસ્તારમાં આવેલ હોટલો પર તસ્કરોની ગીધડ નજર હોય છે.આવી ગીધડ નજર રાખી ડિઝલ ચોરી કરનાર તસ્કરોએ કાલોલ અલીન્દ્રા ચોકડી પાસે આવેલ ડિલાઈટ હોટલ પર સોમવારની વહેલી પરોઢે વરસાદ નાં ઝાપટાં આને અંધકાર નો લાભ લઈ ને હોટલ ની ખુલ્લી જગ્યામાં ઊભેલાં ત્રણ ચાર મોટા વાહનો માંથી બે મોટી ટ્રક-ટેલર ને ટાર્ગેટ બનાવી બંને ગાડીના ડિઝલના ઠાકણાઓ તોડી ડિઝલ ની ચોરી કરતાં હતાં આવા સમય દરમિયાન હોટલનાં ચોકિદારને શંકાસ્પદ જતાં રોકવા જતાં ચોકિદારને પણ અજાણ્યા તસ્કરોએ ડબોચી લઈ ને હાથ પગ બાંધી ને પોતાની સાથે ના વાહનમાં ઉપાડી લઈ જઈને ચોકીદાર ને ગેબીમાર મારી રસ્તા પર ફેંકી દેતાં ચોકીદાર મોતનાં મોં માંથી છુટકારો મળ્યો હોય તેવું લાગી રહ્યું છે. જોકે હોટલો પર ડિઝલ ચોરી કરવા ગીધડ નજર રાખતાં તસ્કરો હોટલ પર ઊભેલા વાહનો પર તરાપ મારતાં હોય છે.સમગ્ર ઘટનાની જાણ હોટલ માલિક દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હોવા નું પણ જાણવાં મળી રહ્યું છે.

### સમા-જંત્રાલને જોડતા રોડનું ૧૭ વર્ષ થી ખખડધજ હાલતને લઈને

## શિવાજી ગૃપ જંત્રાલ આગામી વિધાનસભાની ચૂંટણી બહિષ્કારની ચિમકી સાથેનું ધારાસભ્યને આવેદન પત્ર આપવામાં આવ્યુ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાના સમાગામ પાસે આવેલ નર્મદા કેનાલથી જંત્રાલનો મુખ્ય માર્ગ છેલ્લા ૧૭ વર્ષ થી ખખડધજ હાલતમાં જોવા મળી રહ્યો છે. જોકે આ રોડ સમા-જંત્રાલની સાથે કાલોલ તાલુકાના બીજા અનેક ગામડાઓના લોકો પણ આ માર્ગ દ્વારા કાલોલ શહેરમાં ખરીદી માટે જતાં હોય છે. તદુપરાંત સાંઠાસાલ સાવલી તરફ આ માર્ગ તરફનાં રાહદારીઓ પણ આ માર્ગ પરથી પોતાના વેપાર-ધંધા અને અભ્યાસ માટે આ રોડ પર થી પસાર થતા હોય છે. પરંતુ છેલ્લા ૧૭ વર્ષ થી આ રોડ બિસ્માર હાલતમાં હોવાના કારણે રાહદારીઓને અનેક મુશ્કેલી સર્જાય છે. ઉલ્લેખનીય એ છેકે, જો આ રોડ પર થી ૧૦૮ જો કોઈ પ્રસુતિ મહિલાને પસાર થાય તો અનેક મુશ્કેલી ઉપસ્થિત થાય છે. આવા સંજોગોમાં કેટલીક વાર પ્રસુતિ પણ વાહનમાં જ થય જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે અનેક મુશ્કેલીઓને લઈ હાલ શિવાજી ગૃપ જંત્રાલ અને આસપાસના ગામનાં યુવામિત્રો દ્વારા આ રોડને નવીનિકરણ કરવા માટે કાલોલ વિધાન સભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણને આવેદન પત્ર આપ્યું. જેમાં જણાવાયું છે કે, આગામી વિધાનસભાની ચૂંટણી પહેલાં રોડ પોહળો કરી તેનું નવીનીકરણ જો નહીં થાય તો જણાવ્યું છે કે ‘‘રોડ નહીં તો વોટ નહીં ’’ જેવી એક ચિમકી ભર્યુ આવેદનપત્ર કાલોલ વિધાન સભાના ધારાસભ્યને જંત્રાલ ગામના શિવાજી ગૃપ દ્વારા આપવામાં આવ્યું છે. હવે જોવાનું રહ્યું કે, આગામી વિધાનસભાની ચૂંટણીના વોટ મેળવવા માટે મતદારોની અરજ સાંભળી રોડનું કાર્ય કેટલાં સમયમાં શરૂ કરવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.